July 2025

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 10 / 233

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 32 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**મારા સ્નેહી પરિવારજનો,**

**પ્રણામ !**

**આ જૈન શાસન સર્વોત્કૃષ્ટ શાસન છે, તેમાં એક જબ્બર તત્વ છે ગુરુતત્વ. જૈન શાસનમાં ગુરુ વિના ચાલી શકતું નથી. ચાર્તુમાસનો પ્રારંભ થઈ ગયો છે. ગુરુ પૂર્ણિમાનો દિવસ તો પસાર થઈ ગયો પણ ગુરુની કૃપા વગર કશું જ શક્ય નથી. આ પ્રસંગે આપણી માતૃભૂમીમાં જે જે ગુરુ ભગવંતો થઈ ગયા તેમને નત્‌મસ્તકે વંદન કરીએ સર્વજ્ઞ શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યથી લઈને વર્તમાન કાળ સુધીના ગુરુ ભગવંતોને વંદન.**

**આઝાદીના ૭૮ વર્ષ પૂર્ણ થવા પર ભારત દેશના તિરંગાને માનભેર સલામી આપીએ આપણા દરેક પટ્ટણીબંધુ પરિવારોને સ્વાતંત્રતા દિવસની શુભ કામના પાઠવી રહ્યો છું.**

યુએસએ શિકાગો ખાતે JAINA ના અધિવેશનમાં તા. ૫ જુલાઈએ પટણીઓને હોલમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું. જેમાં ૪૫થી વધારે પટણીઓ ઉપસ્થિત રહીને શ્રી પાટણ જૈન મંડળનું પ્રેઝન્ટેશન નિહાળ્યું ને દાનની અપીલ કરતા ૧ કરોડથી વધારે રકમનું દાનનું કન્ફરમેશન મળ્યું જેમાં મુખ્ય ડોનેશન

**(૧) શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) અને એક સદ્‌ગ્રહસ્થ તરફથી - રૂા. ૬૩ લાખ લોનાવાલા નવગ્રહ જિનાલય ખાતે શ્રી મણિભદ્રવીરના લાભાર્થી.**

**(૨) શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ (ખેતરવસી) - રૂા. ૧૫ લાખ અયોધ્યા - વારાણસીના પ્રવાસ માટે.**

આ સિવાય બીજા નાના મોટા અનેક ડોનેશનો પ્રાપ્ત થયા છે તો યુએસએના સર્વે ઉપસ્થિત પટણીઓનો હું ખુબ ખુબ આભાર માનું છું.

**(૩) શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી) રૂા. ૧૩ લાખ લોનાવાલા ખાતે.**

અયોધ્યા - વારાણસી પ્રવાસનું આયોજન સુદર રીતે થઈ રહ્યું છે દાતાઓ તરફથી ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે.

**નવા એક ડોનર શ્રી ધવલ દિપકભાઈ શાહ (કનાસાનો પાડો) રૂા. ૧૫ લાખ અયોધ્યા - વારાણસીના પ્રવાસ માટે.**

લોનાવાલા પ્રોજેક્ટમાં કામ આગળ વધી રહ્યું છે, ને દાતાઓનો સાથ-સહકાર મળી રહ્યો છે. એક રૂમના સયુક્ત દાતાશ્રીનું કન્ફરમેશન મળેલ છે જે નીચે મુજબ છે.

**શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ) રૂા. ૧૫ લાખ એક રૂમના સયુક્ત લાભાર્થી.**

નવગ્રહ જિનાલયમાં બેજ આદેશ આપવાના બાકી છે, **(૧) પાર્શ્વયક્ષ દેવ રૂા. ૬૩ લાખ અને (૨) ગૌતમ સ્વામી રૂા. ૬૩ લાખ** આપણે સૌ પરમાત્માને પ્રાર્થના કરીએ કે સ્કીમો જલ્દીથી ભરાઈ જાય અને ટાર્ગેટ પ્રમાણે દેરાસરની પ્રતિષ્ઠા થાય અને હોલી ડે હોમ બની જાય.

Cont. page 2

**લોનાવાલા ખાતે જિનાલયના ગભારામાં દેવકુલિકામાં રત્નના લીલા રંગના (ગ્રીન) શ્રી મલ્લિનાથ ભગવાન ભરાવવાનો લાભ રૂા. ૧.૨૫ કરોડના લાભાર્થી બની ધન્ય બન્યા છે તે શુભ દાતાઓના નામ નીચે મુજબ છે.**

**(૧) શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)**

**(૨) શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)**

**(૩) શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ**

**(૪) એક સદ્‌ગૃહસ્થ**

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ તરીકે **તા. ૧૨ અને ૧૩ જુલાઈના રોજ અંધરી (વે), ઈર્લા જૈન સંઘ** ખાતે આપણા પાટણના પનોતા **ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાનો ૯૦ મો જન્મોત્સવ** ઉજવવા માટે વિડિયો ક્લીપીંગ દ્વારા જાહેરાત કરવાનો મોકો મળ્યો. સુવિશાળ સમુદાયના શિષ્યના અધિપતિની સફરની સાક્ષી બનવાનો આ પ્રસંગ હતો તે માટે ઈર્લા સંઘના ટ્રસ્ટીઓ અને સંઘની અનુમોદના કરું છું. બહુ જ ગર્વ લેવા જેવો આ અવસર હતો. સહુનો આભાર માનું છું.

શ્રી પાટણ જૈન મંડળમાં **તા. ૧૭ ઓગસ્ટ, રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી પરિવારના** સૌજન્યથી પ્રોગ્રામ સમિતિ દ્વારા એક પ્રવચનનું આયોજન કરવામાં આવેલ છે તે બદલ **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવારની** ખૂબ ખૂબ અનુમોદના.

મને જણાવતાં આનંદ અને ગર્વની લાગણી થાય છે મિત્રો ! આપણી સંસ્થાના નેજા હેઠળ **'જીવન મહેક'ની** ટીમના કાર્યકરોના સતત પ્રયાસો ચાલું છે. આપણા પાટણના યુવા-યુવતીઓને આમંત્રિત કરીને એક વિશાળ Umbrella નીચે અત્યંત લેટેસ્ટ સ્ટાઈલથી **Coffee with Meet on Table** નુ આયોજન કર્યું હતું. તેમાં લગભગ ૪૦૦ યુવક-યુવતીઓના નામ રજીસ્ટર્ડ થયા છે. તેમાંથી ૧૦ ટકા પરિણામ મળે તો ઘણું સારું કહેવાય. હું બહુ **Long Visionary** છું. પાટણ સમાજના યુવા-યુવતીઓ પાટણમાં જ લગ્ન કરે તો આપણા સમાજનું ભવિષ્ય બહુ જ ઉજ્જવળ બની રહે. અન્ય સમાજોની વચ્ચે આપણો પાટણ સમાજ નિરંતર અન્ય સમાજમાં અગ્રેસર બની રહે. **"Proud of Patni"** ની લાગણી આપણા સમાજના પરિવારોને થશે. સર્વોચ્ચ સ્થાન મેળવે એવી ભાવના છે. **લોનાવાલા હોલિ-ડે-હોમ અને સૌરભ મેડિકલનાં પ્રોજેક્ટથી જરૂર મારું વિઝન "Healthy Pattni, Welthy Pattni"** સાકાર થશે તેમાં કોઈ જ સંદેહ નથી.

**સૌરભ મેડિકલ હેલ્થકેરની** પ્રગતિ દિન પ્રતિદિન વધતી જાય છે, અત્યારે **દૈનિક ૭૫થી વધુ લોકો લાભ લઈ રહ્યા છે** અમને આશા છે કે દિન-પ્રતિદિન વધુને વધુ લોકો જો આનો લાભ લેતા રહેશે તો **સૌરભની સૌરભ ચોતરફ ફેલાશે.** આપણાં સમાજમાં એવા અનેક સભ્યો છે જે ટ્રસ્ટીઓ તરીકે અને આગેવાનો તરીકે સેવા આપે છે, જો તેઓ બધા સૌરભ મેડિકલ સેન્ટરની પ્રગતિમાં સાથ આપે, શ્રી પાટણ જૈન મંડળના અનેક મંડળો પરામાં સક્રિય છે તેઓ પણ ધ્યાનમાં લઈને આપણા પટણી પરિવારોને તેમની તબીબી સારવાર કે રિપોર્ટ્સ કઢાવવા માટે **સૌરભ મેડિકલ હેલ્થકેરમાં** જવાની પ્રેરણા આપશે તો જ ધીમે ધીમે સારું પરિણામ દેખાશે. એકદમ **લેટેસ્ટ સ્ટાઈલના મશીનો, કર્તવ્ય નિષ્ઠ, સેવાભાવી ડોક્ટરો બધાની સેવા પ્રસંશનીય છે.** આપના એરિયામાંથી નાના-મોટા સેન્ટરોને પણ આપણી સાથે જોડી શકવાના પ્રયત્નો કરવાનો સમય આવી ગયો છે. પેથોલોજી ડિપાર્ટમેન્ટ પણ પ્રસંશનીય કામ કરી રહી છે તો આશા છે કે આપ સહુ સાથે મળીને સહકાર આપશો અને આપણી સંસ્થાને વધુમાં વધુ મજબુત બનાવશો. આપણું સેન્ટર એક વર્ષની અંદર નવી જગ્યામાં સાકાર થઈ જશે. એકદમ **લેટેસ્ટ સ્ટાઈલમાં આધુનિક સગવડતા સાથે ડે-કેર હૉસ્પિટલ બની જશે.** ત્યારે આપણને સૌને પટણી હોવાનું ગૌરવ થશે.

આ પત્ર દ્વારા ફરીથી હું દાતાઓને અપીલ કરું છું કે આ અભિયાનમાં જોડાઈને **''માનવ સેવા એજ પ્રભુ સેવાના''** સૂત્રને સાર્થક કરતા તમારું ધન પુણ્યખાતામાં રોકાણ કરીને તમારું માનવ જીવન ગૌરવવંતુ બનાવશો. પ્રતિબિંબના અંદરના પેજ ઉપર **સૌરભ મેડિકલ હેલ્થ કેરની નવી સ્કીમો મુકવામાં આવી છે.** ઉદાર દિલે તમે લાભ લઈ શકો છો. કદાચ આપણે મોટી હૉસ્પીટલ તો હમણા નથી બનાવી શકતા તો જે બનાવી રહ્યા છીએ તે જ ઉત્તમ રીતે બને તે જોવાની ફરજ સમગ્ર પાટણ સમાજની છે.

મારી ટીમ **અયોધ્યા-વારાણસી પ્રવાસના પ્રોજેક્ટ** ઉપર સતત કામ કરી રહી છે. ફ્લાઈટની ટીકીટનું બુકીંગ થઈ ગયું છે રીર્ટન ટીકીટ બુકીંગ માટે કામ ચાલું છે, પ્રવાસમાં આવનારાઓ માટે કન્ફરમેશનનું ફોર્મ આગામી પ્રતિબિંબના અંકમાં આપવામાં આવશે.

**રવિવાર તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ સાંજે નેસ્કો ખાતે ''દાંડિયારાસ''નું** આયોજન કરવામાં આવ્યું છે.

**બુધવાર તા. ૫ નવેમ્બર, ૨૦૨૫ સાંજે ૪.૦૦ કલાકે ગરવારે ક્લબ ખાતે ''સ્નેહમિલન''નું** આયોજન કરવામાં આવ્યું છે.

ઓગસ્ટ મહિનો, શ્રાવણ માસ પર્વો અને તહેવારો લઈને આવી રહ્યો છે. રક્ષાબંધન અને જન્માષ્ટમી બાદ, પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણની પધરામણીના સુરીલા સૂર સંભળાઈ રહ્યા છે. તપ, જપ, મૈત્રી અને ક્ષમાના તોરણો બંધાઈ ગયા છે. આપ સર્વે સુખ-શાતામાં રહીને પર્યુષણ પર્વને સુખ-શાતા પૂર્વક ઉજવશો તેવી મારી શુભેચ્છા.

# પર્યુષણ પર્વનો સાર... ક્ષમાનું દાન... મૈત્રીભાવનું સર્જન

## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ




**સ્વાગત છે પર્વાધિરાજ પર્યુષણનું...**

**ઉરના ઉલ્લાસથી... હૈયાના હેતથી... દિલના દ્વારેથી... પર્યુષણ પર્વ એ ભગવાન મહાવીર સ્વામીના જીવન, તેમણે પ્રબોધેલા માર્ગ, તેમના ઉપદેશને ગ્રહણ કરીને આચરણમાં લેવાનું પર્વ.**

**પર્યુષણમાં કરેલી બધી જ આરાધનાનો આધાર ભાવ ઉપર છે. શુભભાવ એ અત્તર જેવો છે, જે માનવીનું જીવન સુગંધિત બનાવે છે. પર્વાધિરાજ આપણને બહારની દુનિયાના આનંદને બદલે, ભીતરની પ્રસન્નતા બહાર લાવવાનો અવસર આપે છે. આ પર્વના આઠ દિવસ એટલે અષ્ટાન્હિકા મહોત્સવ.**

ગુરુ ભગવંતો કહે છે **''જેમ ખેડૂત ખેતરને પહેલા ખેડી રાખે, પછી વરસાદ થાય, બીજનું વાવેતર થાય, પછી ફસલ ઉગે'' એમ આપણા પૂર્વાચાર્યોએ આઠ દિવસના આ પર્વના એટલે સાત દિવસ તમારી બાહ્ય શુદ્ધિના અને આઠમાં દિવસે તમારી આંતર શુદ્ધિના. પર્યુષણનો આઠમો દિવસ વિશેષ મહત્વનો છે એ છે સંવત્સરી. ક્ષમાનું દાન આપીને સ્વભાવશુદ્ધિ, ચિત્ત શુદ્ધિ અને મનશુદ્ધિ કર્યા બાદ જેમની પણ સાથે કોઈપણ પ્રકારે મન દુઃખ થયું હોય તો 'મિચ્છામિ દુક્કડમ'** કરી લેવાનું છે. ક્ષમા એ બે વ્યક્તિ વચ્ચે થયેલ મનઃદુખને સાંધવાનું કામ કરે છે. હંમેશા મનદુઃખ કે ઝઘડો નજીકની વ્યક્તિ સાથે જ થાય છે.

**Let Go** કરતાં શીખવું જોઈએ, જ્યાં સુધી હૃદયમાંથી વેર-ઝેરની ભાવના ખતમ નહીં થાય ત્યાં સુધી જીવનમાં શાંતિ નહીં મળે.

**સ્વની સાથે - સર્વની સાથે, સર્વજીવોની સાથે અને સર્વજ્ઞની સાથે ક્ષમાપના કરવાની છે. આપણે સહુ પ્રભુ મહાવીરના સંતાન છીએ તો ક્ષમાપના સ્વીકારી લેવી કે ક્ષમાનુ દાન કરવુ એ બહુ જ સહેલુ છે. તેમ છતાં પણ માનીએ છીએ કેઃ ''દાન દેવું સહેલુ છે પણ ક્ષમા આપવી બહુ અઘરી છે''** કારણ કે આપણો અહંમ આડો આવે છે. આ અહં ને તોડીએ તો જ અર્હમના માર્ગ પર જવાશે.

**"Forgiveness is Better then Punishment"**

બહારવટિયા નામદેવને તેની માએ પરાણે એક નિયમ આપ્યોઃ

''રોજ દસ મિનિટ મહાદેવના મંદિરમાં ધ્યાન ધરવું.''

લૂંટફાટ અને કાપાકાપીના ધંધાવાળો બહારવટિયો રોજ દશ મિનિટ મહાદેવના મંદિરમાં એકાગ્રતાથી ધ્યાન ધરતો. એકવાર તે મંદિરમાં ગયો ત્યારે એક માતા અને તેનો નાનો પુત્ર મંદિરમાં બેઠા હતા. પેલું નાનું બાળક મહાદેવને કોઈએ ચડાવેલી પેંડા જોઈને તે ખાવા માટે જીદે ચડયું હતું. માતા તેને સમજાવતી હતી બાળકના કકળાટને કારણે નામદેવને એકાગ્રતા આવતી નહોતી. તેણે ખીસામાંથી બે રૂપિયાની નોટ કાઢીને પેલી બાઈને આપતા ચિડાઈને કહ્યું, ''લે, બહારથી પેંડો લાવીને તેને ખવડાવી દેજે પણ તેનો કકળાટ બંધ કરાવ.'' તે બાઈની આંખમાં આંસુ આવ્યા, તે બોલી ઉઠી, ''પેંડા અને મીઠાઈ ખાવાના સોહામણા દિવસો અમારા હતા પણ જે દિવસે પેલા નામદેવ લૂંટારાએ આ બાળકના પિતાનુ ખૂન કરી નાખ્યું છે, ત્યારથી અમારા માથે દુઃખના ડુંગરો તૂટી પડયા છે. પેંડા અને મીઠાઈ ખાવાના અરમાનો ખલાસ થઈ ગયા છે.''

આ શબ્દો સાંભળતાં જ નામદેવના હૈયામાં તિરાડ પડી, ભેટ પરથી તલવાર કાઢી માતાના હાથમાં આપીને કહ્યું, ''તે હત્યારો નામદેવ હું પોતે જ છું. આ તલવાર મારી ડોક પર ચલાવીને મને મારા ગુનાની સજા તું કરી દે.''

પેલી માતા ગદ્ ગદ્ હૈયે કહે છે, ''ના રે વીરા, મારો પતિ મરી જતાં મારી અને મારા બાળકની કેવી કપરી સ્થિતિ થઈ છે તે હું જાણું છું. હવે તારો વધ કરીને બીજી કોઈ નારી ને વૈધવ્યનું કે બાળકને પિતા વગરનું દુઃખ હું કેવી રીતે આપી શકું ? અને તારો વધ કરવાથી મારો મૃતપતિ જીવતો થવાનો છે ? જા વીરા તું ચિંતા ન કર તારાથી ભૂલ થઈ છે પણ હવે તેને યાદ કરવાથી શું ?

આ વિધવાની અદ્‌ભુત ક્ષમાની ઉદારતાએ એવો ગજબ જાદુ સર્જયો કે તે દિવસથી લૂટારો નામદેવ મહાનસંત નામદેવ બની ગયો.

**ક્ષમાપના એ પર્યુષણ પર્વનો પ્રાણ છે. આ ક્ષમાપના પણ પાંચ રીતે કરવાની છે.**

**૧. ક્ષમા સર્વની કરવી જોઈએ (૨) ક્ષમા હાર્દિક જોઈએ (૩) ક્ષમા બિનશરતી જોઈએ (૪) ક્ષમા ચિરંજીવી હોવી જોઈએ (૫) ક્ષમા સમજણપૂર્વકની હોવી જોઈએ.**

**ક્ષમા તણું છે શીતલ ઝરણું, મંગલ ઉત્તમ એનું શરણું**
**મૈત્રી તણું માધુર્ય વહાવી, ખમો-ખમાવો સાચા દિલે**
**પરમાત્મા તો સૌને ક્ષમા આપવા તૈયાર છે તેનો હાથ તો ઉંચો જ છે પણ જો આપણે માથું નમાવીએ તો કરૂણાસાગર કૃપા જરૂર વરસાવે...!!**

અસ્તુ

# Shree Patan Jain Mandal USA Chicago
## JAINA અધિવેશન અહેવાલ

**તા. ૩ થી તા. ૫ જુલાઈ** સુધી **JAINA**નું એક વિશાળ અને શાનદાર અધિવેશનનું આયોજન **શિકાગો યુએસએ ખાતે સંપન્ન થયું હતું. આ અધિવેશનમાં ૫૦૦૦થી વધારે લોકોએ ૪૦૦ ડોલર ભરી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.** ત્યાંરબાદ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવ્યું હતું. આ અધિવેશનમાં **શ્રી પાટણ જૈન મંડળ યુએસએના પ્રમુખ શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહ (ખેતરવસીનો પાડો) શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ શાહ (કેશુશેઠનો પાડો) શ્રી વિરાજ નિગ્નેશ શાહ (કનાસાનો પાડો) આ સહુની આગેવાનીમાં શ્રી પાટણ જૈન મંડળ (ભારત)થી પ્રેસિડન્ટ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ માટલીવાલા**એ આ અધિવેશનમાં ઉપસ્થિત રહીને ગૌરવ વધાર્યું હતું. એક સ્ટોલ પણ રાખવામાં આવ્યો હતો. **ત્રણ દિવસમાં ૧૦૦ થી વધારે** આપણા પટણીઓએ સ્ટોલ પર આવીને શ્રી પાટણ જૈન મંડળના કાર્યની પ્રસંશા કરી હતી. **શ્રી દાનેશભાઈ** સાથે **શ્રી નિતીનભાઈ, શ્રી વિરાજભાઈ અને શ્રીમતી મીનાબેન સ્ટોલ** ઉપર સતત હાજરી આપીને આપણી પ્રવૃત્તિઓ તથા લોનાવાલા પ્રોજેક્ટની માહિતી આપી હતી.

**JAINA**નું આ અધિવેશન યુએસએમાંથી છેલ્લા ૨૦ વર્ષથી આયોજન કરવામાં આવે છે. જેની અંદર યુએસએના જૈન ભાઈઓ રજિસ્ટ્રેશન કરીને દૂર દૂરથી સૌ પોતાના ખર્ચે આવે છે. હોટલોનું બુકીંગ પોતેજ કરવાનું રહે છે. આ ત્રણ દિવસના અધિવેશનમાં ભારતથી સારા વક્તાઓ આવે છે ને સાંજે સાંસ્કૃતિક પ્રોગ્રામ રાખવામાં આવે છે. ખૂબજ સુંદર ને વ્યવસ્થિત પ્લાનીંગથી દેરેક કાર્ય કરવામાં એમની ટીમની ખૂબજ મહેનત દેખાય છે. જે તેમને સફળતા અપાવે છે.

તા. ૫ જુલાઈએ પટણીઓને હોલમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું. જેમાં ૪૫થી વધારે પટણીઓએ આવીને શ્રી પાટણ જૈન મંડળ (ભારત)નું પ્રેઝન્ટેશન નિહાળ્યું ને દાનની અપીલ કરતા ૧ કરોડથી વધારે રકમનું દાનનું કન્ફરમેશન મળ્યું.

**(૧) શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) અને એક સદ્ગ્રહસ્થ તરફથી - રૂા. ૬૩ લાખ લોનાવાલા નવગ્રહ જિનાલય ખાતે શ્રી મણિભદ્રવીર દાદાના લાભાર્થી.**

**(૨) શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ (ખેતરવસીનો પાડો) રૂા. - ૧૫ લાખ અયોધ્યા - વારાણસીના પ્રવાસના લાભાર્થી.**

**આ સિવાય બીજા નાના મોટા અનેક ડોનેશનો પ્રાપ્ત થયા છે તેની વિગત નીચે મુજબ છે.**

**હજુ ચાલુ વર્ષ દરમ્યાન USAથી ઘણા ડોનેશન મળવાની આશા છે. તો આવો ચાલો સૌ સાથે મળીને પટણીઓને Healthy અને Wealthy પટણી બનાવીએ**


| No. | Name | Category | Amount |
|---|---|---|---|
| 1 | Pravinbhai and Kiranben Shah | Lonavala Project | $ 75,000 |
| 2 | Meenaben Shah | Yatra Pravas | $ 18,000 |
| 3 | Bhartiben Girishbhai Shah (Patrawala) | Lonavala Project | $ 16,000 |
| 4 | Bharatbhai Shah | Prakrut Bhasha | $ 3,000 |
| 5 | Nandiniben Kishorebhai Shah | Social Upliftment | $ 1,111 |
| 6 | Kiranben Shah | Social Upliftment | $ 1,008 |
| 7 | Surekhaben Mahendrakumar Shah | Social Upliftment | $ 1,008 |
| 8 | Malisha Daulat | Social Upliftment | $ 504 |
| 9 | Meenaxiben Sanghani | Social Upliftment | $ 501 |
| 10 | Jayshreeben Ashwinbhai Shah (Kumbharia Pado) | Social Upliftment | $ 500 |
| 11 | Gunvantlal Manilal Shah (Vagolno Pado) | Social Upliftment | $ 500 |
| 12 | Gunvantlal Manilal Shah (Vagolno Pado) | Prakrut Bhasha | $ 500 |
| 13 | Nirmlaben Gunvantlal Shah (Vagolno Pado) | Social Upliftment | $ 500 |
| 14 | Aadi Nilaybhai Michelle Shah (Kumbharia Pado) | Social Upliftment | $ 500 |
| 15 | Siddhartha Ashwinbhai Shah (Kumbharia Pado) | Social Upliftment | $ 500 |
| 16 | Amitbhai and Smitaben Shah | Social Upliftment | $ 500 |
| 17 | Surya Shah | Social Upliftment | $ 500 |
| 18 | Bharatbhai Kothari | Social Upliftment | $ 251 |
| 19 | Sujal Shah | Social Upliftment | $ 101 |
| 20 | Pravinbhai and Beenaben Shah | Social Upliftment | $ 101 |
| 21 | Kirtibalal Shah | Social Upliftment | $ 101 |
| 22 | Rajeshbhai Shah | Social Upliftment | $ 101 |
| 23 | Hashmukhbhai Kalpanaben Shah | Social Upliftment | $ 100 |
| 24 | Bharatbhai Shah | Social Upliftment | $ 100 |
| 25 | Michelle Ranavat | Social Upliftment | $ 50 |


Patan Jain Mandal, USA






Patan Jain Mandal, USA










Patan Jain Mandal, USA













# વ્હાલમ આવોને








શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતી દ્વારા તા. ૧૫ જૂન ૨૦૨૫ના રોજ પાટકર હોલ ખાતે **''વ્હાલમ આવોને''** મ્યુઝિકલ કાર્યક્રમ નાટ્ય જગતના મહાન કલાકાર અને સાહિત્ય રસિક, ટીવી ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મના જાણીતા **શ્રી દિલીપભાઈ રાવલના** સંચાલનમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં પ્રેરક દાતા **શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણિલાલ ઝવેરી (સાહેબા)** (ચોધરીની શેરી) સહયોગી દાતા **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)** (કનાસાનો પાડો), **શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી** (મનમોહનજીની શેરી), **શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ઝવેરી** (મનમોહનજીની શેરી), **શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ** (વખતજીની શેરી) હતા.

ગાયક કલાકારો **શ્રી સૌરભ મહેતા, શ્રી રૂચી ભણશાલી, શ્રી નિરવ બારોટ, શ્રી દિવ્યા જોષીએ** એક પછી એક ગુજરાતી ગીતો મધુરકંઠે ગાઈને સર્વે શ્રોતાઓને ડોલાવી દીધા હતા. કાર્યક્રમની શરૂઆતમાં નવકારમંત્ર અને અમદાવાદ ખાતેની પ્લેન દુર્ઘટનામાં અવસાન પામેલ લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈએ** સર્વેનું સ્વાગત કર્યું હતું, **પ્રમુખશ્રી દાનેશભાઈ શાહે** પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિઓ અને લોનાવાલા પ્રોજેક્ટ વિગેરેનો અહેવાલ રજૂ કર્યો હતો.

**શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ** (રૂા. ૨.૬૯ કરોડ મંડળની વિવિધ યોજનાના દાતા)

**શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી,** (લોનાવાલા અને ઓયોધ્યાના પ્રવાસના મુખ્યદાતા) અને

**શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિમ્મતલાલ શાહ** (લોનાવાલાના દાતા) ત્રણેય દાતાઓનું સિલ્કના દુપટ્ટા તથા બુકે આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ સાથે અયોધ્યા યાત્રા-પ્રવાસના લાભાર્થીઓના નામની જાહેરાત પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે **શ્રી ધીરેનભાઈ પ્રવિણચંદ્ર શાહ** દ્વારા હોલી-ડે હોમ લોનાવાલા પ્રોજેક્ટ માટે **રૂા. ૬૩ લાખના દાનની જાહેરાત** કરતા તેઓનું પણ દુપટ્ટા તથા બુકે આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

સંગીતકારો, ઓર્ગેનાઈઝર **શ્રી મનીષ પારેખને** ફુલોના બુકે આપીને આભાર માન્યો હતો.

૬૪ વર્ષથી શ્રી પાટણ જૈન મંડળને અવિરત અને પ્રસંશનિય સેવા આપવા બદલ **શ્રી મનુભાઈ જોષીનું** સ્મૃતિ ચિન્હ, બુકે દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન શાહે** અને ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ શાહે** ખાસ સ્પીચ આપી હતી. ત્યારબાદ પ્રોગ્રામના ચાર દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. સેક્રેટરી **શ્રી કલ્પેશભાઈએ** પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પ્રોગ્રામ કમિટીના સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહે** બધાને **'Happy Father's Day"** Wish કરી તેમની આગવી શૈલીમાં આભાર વિધિ કરી હતી. **શ્રીમતી ભાવિનીબેન શાહે** તમામ પાસ ડિસ્ટ્રીબ્યુટર્સ ટીમના સભ્યોને સ્ટેજ ઉપર આમંત્રિત કર્યા હતા અને દરેકને ગુલદસ્તો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી **શ્રી સંજયભાઈ શાહે** બધા દાતાઓના નામ એનાઉન્સ કર્યા હતા.

આ કાર્યક્રમમાં ૬૫૦ થી વધારે લોકોની ઉપસ્થિતિ હતી. આ સાથે સુંદરાબાઈ હોલમાં સુંદર મજાના સ્વાદિષ્ટ ભોજન સાથે ૮૧ તપસ્વીઓને ભાવભક્તિપૂર્વક એકાસણા કરાવવામાં આવ્યા હતા.

પધારેલ સૌએ સ્વાદિષ્ટ ભોજન માણીને આનંદપૂર્વક રજા લીધી હતી.
















SHREE PATAN JAIN MANDAL


SHREE PATAN JAIN MANDAL










SHREE PATAN JAIN MANDAL










SHREE PATAN JAIN MANDAL




# ગુરુ-સંઘ ભક્તિ – અંધેરી ગુજરાતી જૈન સંઘ
























# ગુરુ-સંઘ ભક્તિ - અંધેરી ગુજરાતી જૈન સંઘ






























## અભિનંદન

### કપરડા ખાતે તળાવ બાંધવામાં શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ દાન આપેલ છે



તળાવમાં ભરપુર પાણી ભરાઈ જવાથી ત્યાંના ખેડુતો લાભ રહી રહ્યા છે તેઓએ ચોખા ઉગાડ્યાછે, શાકભાજી ઉગાડ્યા છે અને બીજા પાકો પણ ઉગાડી રહ્યા છે જેથી તેઓને સમૃદ્ધિ તરફ આગળ લઈ જશે.

ખેડુતો ખુબ ખુશ છે.

**શ્રી નિતીનભાઈ સોનાવાલા તેમજ અન્ય ટ્રસ્ટીઓ શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખશ્રી દાનેશભાઈ વી. શાહનો ખુબ ખુબ આભાર માને છે.**

*******



### પટણીઓ માટે ગર્વનો વિષય



શાંતિનાથની પોળ હાલ શિરપુર નિવાસી સ્વ. ચંપાલાલ દેવચંદ શાહની પુત્રવધુ **ડૉ. દત્તાબેન ચીમનલાલ શાહનું** પાટણના સ્વ. પુષ્પાબેન પ્રતાપચંદ શાહ (ઢંઢેરવાડો)ની સુપુત્રી. ઈંડિયન મેડિકલ એસોશિયેશન - પશ્ચિમ ક્ષેત્ર, મુંબઈ. દ્વારા ભારતરત્ન સ્વ. ડૉ. બી.સી.રોય જેઓ પશ્ચિમ બંગાલના મુખ્યમંત્રી પણ હતા અને ઈંડિયન મેડિકલ એસોશિયેશનના સ્થાપક ટ્રસ્ટી હતાં. તેમના જન્મદિવસની યાદગીરીમાં સમાજના ચાર પ્રતિષ્ઠિત મહાનુભાવોનું સમાજ માટે અમૂલ્ય યોગદાન આપવા બદલ સન્માન કરાય છે. તદ્નુસાર તા. ૨૯ જૂન, ૨૦૨૫ના રોજ મુંબઈના **ડૉ. દત્તાબેન ચીમનલાલ શાહની મેડિકલ વ્યવસાય થકી ૫૦ વરસથી પણ વધુ પ્રદીર્ઘ સેવા આપવા બદલ મુંબઈના ડૉક્ટરોની વિશાળ મેદની સમક્ષ શાલ, શ્રીફળ અને પ્રશસ્તિ પત્ર અને મોમેન્ટો અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.** ડૉ. દત્તાબેન જવાહર નગર, ગોરેગામ મુંબઈમાં સાધ્વીજી મહારાજ સાહેબોની જરૂરત પડેથી સેવામાં ખડે પગે હાજર રહે છે. કોવિડ કાળમાં પણ તેમની પોતાની વ્યક્તિગત સુરક્ષાની કાળજી ના કરતા સમાજની સેવા કરી હતી.

*******



**Dr. Bimal Narendra Shah**, an eminent ENT Surgeon in western suburbs (Abji Mehta no Pado) has been awarded **Lifetime Achievement Award** by Andheri Medical Association.

This award is a reflection of his contribution towards medical fraternity over past three & a half decades, his involvement in charitable endeavours, upliftment of CME- Continued Medical Education to Medical Consultants and Family Physicians and above all generating finances for the same thereby reaching to our goals of Healthy Society.

## અભિનંદન




**Shri Dhiren Mahendrabhai Shah** (Vakhatjini Sheri, Vileparle) awarded by **ADMA Infrastructure & Consultancy Pvt. Ltd.** for his Outstanding Contributions to Urban Upliftment (Slum Rehabilitation & Redevlopment)

## સંસ્થા સમાચાર

### શ્રી બોરીવલી - દહીસર પાટણ જૈન મિત્રમંડળ - મોનસુન પિકનિક

દિનાંક ૨૯ જૂન ૨૦૨૫ના રોજ મિત્ર મંડળ દ્વારા ગ્રેટ એસ્કેપ રીસોર્ટ ખાતે પિકનીકનું આયોજન કરાયું હતું. બે બસ તથા અન્ય કાર દ્વારા લગભગ ૧૦૦ જેટલા પટણીઓ જોડાયા હતા. **સવારના ચા-નાસ્તા બાદ ભાઈઓ અને બહેનોએ રીસોર્ટમાં આવેલ વિવિધ વોટર રાઈડસમાં મોનસુન પિકનિકની મજા માણી હતી.** બપોરના ભોજન બાદ 'ગેટ-ટુ-ગેધર' નો કાર્યક્રમ આયોજીત થયો હતો, તે દરમ્યાન વિવિધ ગેમ્સ રમાડવામાં આવી હતી અને ઈનામો પણ આપવામાં આવ્યા હતા. પ્રોગ્રામના અંતે **પ્રમુખશ્રી રાજુભાઈ દ્વારા આગામી તા. ૯, ૧૦, ૧૧, જાન્યુઆરી ૨૦૨૬ (ત્રણ નાઈટ) માટે ગીરનાર-સોમનાથ યાત્રા પ્રાવસની જાહેરાત કરતા સભ્યોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.**

અંતમાં લક્કી ડ્રો તથા ડીનરનો આસ્વાદ માણી બસ દ્વારા પરત પ્રયાણ થયું હતું.

*******

### શ્રી ગોરેગામ પાટણ મિત્ર મંડળ

**શ્રી ગોરેગામ પાટણ મિત્રમંડળ દ્વારા તા. ૨૫ મે, ના રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે** મલાડ સ્થિત એસ.પી. ઓડિટોરિયમમાં એક ભવ્ય સંગીતમય કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અંદાજે ૪૨૫થી વધુ સભ્યોએ ઉત્સાહભેર હાજરી આપી, સંગીતના સુમધુર સૂરોમાં આનંદભેર ડુબકી લગાવી. કાર્યક્રમના મુખ્ય દાતા **શ્રી સૌરીનભાઈ રાજેશભાઈ શાહ (ઢેઢેરવાડો)** તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતમાં જવાહરનગર હોલ ખાતે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સ્વાદિષ્ટ ભોજન માણ્યુ. કેટરીંગ માટે પુષ્પા કેટરર્સ (તેજસભાઈ)ને કામ સોપવામાં આવ્યું હતું. દરેકના ચહેરા પર દેખાતા તૃપ્તિભર્યા સ્મિતોએ કાર્યક્રમની સફળતાની ગવાહી આપી.

મિત્ર મંડળ તરફથી તમામ સહયોગી દાતાઓ અને ઉપસ્થિત તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

*******


### તંબોલીવાડા પિકનિક ૨૦૨૫

**તંબોલીવાડાના પરિવારજનો માટે તા. ૧૪ અને ૧૫ જૂનના બે દિવસની પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું.** તા. ૧૪મી સવારે ૦૬ કલાકે ૫ બસો દ્વારા લોનાવાલા જયાનંદ ધામ પહોચીને પૂજા- નવકારશીનો લાભ લઈને પૂના નજીક **સોરીના હિલ સાઈડ રિસોર્ટ (ખડકવાસલા)** પહોંચ્યા.

મ્યુઝિકલ નાઈટ, મ્યુઝિકલ હાઉઝી, બોલીવુડ રેટ્રો રાત્રી, વિવિધ ગેમ શો તથા ટ્રેઝર હન્ટ જેવા મનોરંજક કાર્યક્રમો માણ્યા. આ કાર્યક્રમમાં બધાએ પોતાની ટેલેન્ટ બતાવી. મહોલ્લાના ઘણા સભ્યો બહારના વિવિધ શહેરોમાંથી આવીને જોડાયા હતા તે ગર્વ લેવા જેવી બાબત છે. આ કાર્યક્રમમાં જેમણે રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સહાય કરી તે દાનવીર દાતાઓનો આભાર માનવામાં આવ્યો. પિકનિક આયોજન માટે મહોલ્લાના જે જે કાર્યકરોએ તન-મન-ધનથી યોગદાન આપ્યું છે તેમનો વિશેષ આભાર માનવામાં આવ્યો. બધાજ સભ્યોએ પોતાના મનો ભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મહોલ્લામાંથી આવા આયોજનો વારંવાર થવા જોઈએ તો જ મહોલ્લામાં એકતા, સાથ અને સહકારની લાગણી ઉભી થશે.

## સંસ્થા સમાચાર

### રોટરી સમર્પણ ડાયાલિસિસ સેન્ટર



પરમ સંત **ગુરુદેવ નમ્રમુનિ મ.સા. ની પ્રેરણાથી,** ઘાટકોપર પૂર્વમાં ૩૫૦૦ ચો. ફુટના બે માળ, કુલ ૭૦૦૦ ચો. ફુટની જગ્યા થેલેસિમિયા ડે કેર, ડાયાલિસિસ સેન્ટર અને બ્લડ સેન્ટર ચલાવવા માટે જરૂરી કુલ માળખાકીય સુવિધા સાથે **શ્રી પરાગ શાહે** તેમના નવા બંધાયેલા બિલ્ડીંગમાં કરી આપી અત્યારે ૨૮ ડાયાલિસિસ મશીનો કાર્યરત છે.

રોટરી ક્લબ ઓફ મુંબઈ - ઘાટકોપર દ્વારા રોટરી સમર્પણ ડાયાલિસિસ સેન્ટર ચાલુ છે સમર્પણ બ્લડ સેન્ટર ૨૪ કલાક ચાલું છે થેલેસેમિયા ડે કેર સેન્ટરમાં ૧૪૦ થેલેસેમિયાના બાળકોને મફતમાં રક્તદાનની સુવિધા આપવામાં આવે છે.

ધારાસભ્ય પરાગભાઈની પ્રેરણાથી દરેક દર્દીને તેમની આવક ગમે તેટલી હોય પરંતુ ડાયાલિસિસ માટે દર ઘટાડીને રૂા. ૫૦/- જ કરવામાં આવ્યો છે. જેમાં મફત ડાયાલિસિસ અને ટ્યુબિંગનો સમાવેશ થાય છે.

આઈસીયુ અને એમ્બ્યુલન્સની પણ સગવડ છે ડાયાલિસિસ બે સિફ્ટમાં ચાલે છે. વધુ વિગત અને જાણકારી માટે અથવા પેશન્ટો માટે કોઈપણ પ્રકારની સેવા જોઈતી હોય તો આપણા પાટણના **શ્રી યોગેશભાઈ નવીનચંદ્ર ઝવેરી** (કેશુશેઠનો પાડો, ઘાટકોપર) રોટરીયન સંપર્ક કરી શકો છો.

******

### મંડળના સંનિષ્ઠ કર્મચારી નિવૃત્ત થતા શ્રી જયંતિલાલ દેસાઈ

શ્રી પાટણ જૈન મંડળમાં (ઓફિસમાં)છેલ્લા ૩૦ વર્ષથી નોકરી કરીને સેવા આપતા સંનિષ્ઠ કાર્યકર શ્રી જયંતિલાલ દેસાઈ ઉ.વ. ૮૭ તા. ૧ જૂન ૨૦૨૫થી રિટાયર્ડ થયા છે. એમની અનન્ય સેવા બદલ ખૂબ ખૂબ આભાર. તેમનું સ્વાસ્થ્ય સુખ-શાતા પૂર્વક રહે તેવી પ્રભુને પ્રાર્થના. :::: શુભેચ્છકો તરફથી

શ્રી પાટણ જૈન મંડળમાં મારી ૩૦ વર્ષની નોકરી દરમ્યાન સર્વે ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કમિટિ મેમ્બરો સર્વે જ્ઞાતિજનો મારા સર્વે સહકર્મચારીઓએ મારી સાથે જે સપ્રેમ લાગણીશીલ વર્તાવ કર્યો તેઓ સૌનો હું અંતઃકરણ પૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું.

લિ. જયંતિલાલ દેસાઈ


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ** સંચાલિત

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

મેળવો ત્રણ ત્રણ લાભ

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્યઃ મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT



# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજીત



## લખનૌ-શ્રાવસ્તી નગરી-રત્નપુરી-અયોધ્યા-કોસાંબી-પુરીમતાલ (પ્રયાગરાજ) વારાણસી-પંચતીર્થ યાત્રા પ્રવાસ



શ્રાવસ્તી જૈન તીર્થ



અયોધ્યા જૈન તીર્થ



પુરીમતાલ જૈન તીર્થ



કોસાંબી જૈન તીર્થ

યાત્રા પ્રવાસનાં મુખ્ય દાતા રૂા. ૫૧ લાખ : શ્રી વિનોદભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

યાત્રા પ્રવાસનાં સહયોગી દાતા રૂા. ૧૫ લાખના નામ નીચે મુજબ છે.

૧) શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)

૨) શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)

૩) શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

૪) શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)

૫) શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)

૬) શ્રી પંકજકુમાર નેમચંદભાઇ શાહ (પોળની શેરી)

૭) શ્રીમતી ચારૂબેન રાજેન્દ્રભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)

૮) શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)

૯) શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ (કપુરમહેતાનો પાડો)

૧૦) શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ (ખેતરવસી) USA

૧૧) શ્રી ધવલભાઈ દિપકભાઈ શાહ (કનાસાનો પાડો)

વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

# શ્રી પાટણ જૈન મંડળ - પ્રોગ્રામ સમિતી આયોજીત

## દાંડિયારાસ ૨૦૨૫

**રવિવાર તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫**

**નેસ્કો ગોરેગાંવ (પશ્ચિમ) માં એસી હોલ ગ્રાન્ડ બેન્કવેટ (A.B.C.)**

**વિશેષ આકર્ષણ**

નામી સિંગર્સ, LED Screen, Valet Parking, Selfipoint, Dinner

આ ભવ્ય પ્રોગ્રામ જેમાં અંદાજે ૨૦૦૦ પટણીઓની હાજરી.



**સૌજન્ય દાતાઓ**

શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)

શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)

શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)

શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી પરિવાર (સાલવી વાડો)

શ્રીમતી સોનલબેન રવિભાઈ શાહ પરિવાર (ચિતારાની ખડકી)

શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ પરિવાર (પોળની શેરી)

શ્રી વિરલભાઈ રાજેન્દ્રકુમાર ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)

શ્રીમતી નીલાબેન નૈલેશભાઈ શાહ પરિવાર (કોકાનો પાડો)

ન્યુ ઈન્ડિયા કન્ટ્રક્સન (કનાસાનો પાડો)



વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

# શ્રી પાટણ જૈન મંડળ

## આયોજિત

# શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન

## હાર્દિક નિમંત્રણ

**દિનાંક :** રવિવાર તા. ૧૭-૦૮-૨૦૨૫

**સમય :** સવારે ૧૦.૦૦ કલાકે **વક્તા :** પ્રોફેસર શ્રી દિલીપભાઈ ચરન **ભક્તિ સંગીત :** શ્રી જય શાહ

**વિષય :** ''જીવન ક્રાંતિના પ્રહરી : ભગવાન મહાવીર''

**સ્થળ :** શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પૂર્વે પ્રતિવર્ષ યોજાતા પ્રવચનની જેમ આ વર્ષે પણ યોજાયેલ આયોજનમાં સમાજના સર્વે પરિવારજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક વિનંતી છે. દાતા તરફથી પ્રભાવના આપવામાં આવશે.

❑ પ્રોગ્રામ સમિતિ

*******

# નવગ્રહ જિનાલય લોનાવાલા

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભના લાભાર્થી બનવાનું ચૂકતા નહીં**

**અનંત લબ્ધીનિધાન શ્રી ગૌતમ સ્વામી**

**શ્રી પાર્શ્વયક્ષ દેવ**

**માત્ર ઉપરોક્ત બે જ લાભ હવે આપવાના બાકી હોવાથી વહેલો તે પહેલાના ધોરણે પુણ્યશાળીઓ લાભ લેશો.**

**આવો અવસર ફરી નહીં મળે.**












# SHREE PATAN JAIN MADAL

*Presents*



TITLE SPONSOR
THE ROYALEUM

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

## THE ROYALEUM PATAN INDOOR OLYMPICS 2025 SEASON-4

**CALLING ALL PLAYERS**

Get READY to be a part of the MOST EXCITING EVENT. We are offering both Team and Individual Tournament. So whether you want to compete Solo or with friends, there's a place for you! DON'T MISS YOUR CHANCE TO BE PART OF THIS THRILLING EVENT !!!

**SPORTS CATEGORIES**

• Carrom • Table Tennis • Badminton • Chess

**BLOCK THE DATES**

| Open Tournament | Team Events |
|---|---|
| 11th & 12th October | 8th, 9th, 16th November |

**Registration Starts From : 01/09/2025 Link Will Be Shared Soon**

*Sponsors & Team Owners*

TITLE SPONSOR : DHAVAL SHAH — THE ROYALEUM

CO-SPONSOR KETANKUMAR SHAH J.K. ELECTRONICS — JK

TROPHY SPONSOR DANESHBHAI SHAH MATLIWALA ZNL Bearings — ZNL Since 1996

JERSEY SPONSOR PRAKASHBHAI & DHIRENBHAI PACK PRINT INDUSTRIES PVT. LTD. — PACK PRINT INDUSTRIES PPIL

TEAM-1 MITESH SHAH/ CHIRAG SHAH/ PIYUSH SHAH — RISING STARS

TEAM-2 SANJAY SHAH/ AMIT SHAH — GSTARR JEWELS

TEAM-3 RAHUL SHAH/ KRUPALI SHAH — ULTIMATE WARRIOPS

TEAM-4 VINIT NAVINCHANDRA SHAH — THE ALL STARS

TEAM-5 PANKAJ SHAH / JINEN SHAH — V V SMASHERS

*Looking For :* • ONE TEAM OWNER • VENUE SPONSOR • FOOD SPONSOR • HYDRATING SPONSOR • SOCIAL MEDIA SPONSOR

*More Details Please Contact*

Rajeev Shah : 9821241334 | Devang Shah : 9322238444 | Ketankumar Shah : 9820190551

Yogeshbhai R. Shah (Secretary) | Miteshbhai S. Shah (Secretary) | Parag Shah (Jt. Secretary)

## શ્રી પાટણ જૈન મંડળ
## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

**લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)
હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**
- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)
  હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
  હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ • એક સદ્ગૃહસ્થ

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ – હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા – શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા – શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા – શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધિરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) – હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ – હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા – હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ – હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ – હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ – હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ – હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ – હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ – હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ – હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી – હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર – હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (જીવદયા વાળા) (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)

# LONAVALA PROJECT SCHEME

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે. ૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે. તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૨૫ લાખ રહેશે.

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૧૩ લાખ રહેશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.

દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.

જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.


**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખે શ્વર પા ર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

❋ રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
(અંકે રૂા. બે કરોડ સાત લાખ)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

❋ ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
(અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

❋ દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❋ નમ્ર અપિલ ❋
પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

TOGETHER WE WILL
TAKE JAIN FAMILY
HEALTH CARE TO NEXT LEVEL

# OUR NEW PROJECTS


## Saurabh Medical healthcare

| ₹ 40 Cr | 8000+ | 25000+ |
|---|---|---|
| Total Project Size | Jain Families to Benefit | Indian Families of Goregaon get Benefit |

## SERVICES

- Pathology
- X-Ray
- Physio
- Sonography
- Reception
- Conference Room
- General Surgery
- Internal Medicine
- Ayurvedic
- Mammography
- General Consulting
- Cardiology Division & Consulting
- Dentist
- ENT
- Diabetes
- Ophthalmology
- Orthopedic
- Homeopathy
- Dermatology
- Pediatric

## WE WELCOME DONORS FOR THE FOLLOWING DEPARTMENTS




Premise Purchased
10,000 sq. ft.
Basement, Ground Floor, First and Second Floor in tower at Goregoan west Become Expected to be operational by By Dec 2025

Currently Operational at : 101-201 Prem Tower, 8 Jawahar Nagar, Goregoan west, Mumbai-400104.

| | |
|---|---|
| OT-1 (Angiography) / (Angioplasty) | 5 Cr |
| OT-2 Opthal (Eye Sergary) | 2 Cr |
| ICU Department (6 Bed) | 2 Cr |
| Dental Department | 1 Cr |
| ENT Department | 1 Cr |
| Physiotherapy (5 Beds) | 1 Cr |
| Enterence Hall | 1 Cr |
| Pediatric Department | 0.5 cr |
| Homeopathy | 0.50 Cr |
| Ayurvedic | 0.50 Cr |
| Reception No. 2 | 0.25 cr |
| Delux room no.1 | 0.25 cr |
| Delux room no.2 | 0.25 cr |
| Economy Class 1 | 0.25 cr |
| Economy Class 2 | 0.25 cr |
| Economy Class 3 | 0.25 cr |
| Conference Room | 0.25 cr |

### BENEFITS OF SCHEMES

- 2 Years span to complete the payment.
- Max benefit Under 501C(3)
- Department to be named after your proposed name.

## શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના


| | |
|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT**<br>Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT**<br>Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY**<br>Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT**<br>Late. Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste:Shri Bhupendrabhai, Shri Ashwinbhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT**<br>Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT**<br>Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE**<br>Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY**<br>Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT**<br>Smt. Geetaben Rakeshkumar Shah - D/o. Shri Seventilal Khemchand Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT**<br>Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE**<br>Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE**<br>Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM**<br>Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM**<br>Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT**<br>Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING**<br>Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE**<br>Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |
| 50 Lc | **DIABETIC DEPARTMENT**<br>Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah |

| | | |
|---|---|---|
| 50 Lc | **DERMATOLOGY DEPARTMENT**<br>Shri Narendrabhai Kantilal Khandwala (USA) |
| 25 Lc | **DR. REPORTING ROOM**<br>Smt. Bhanuben Sureshchandra Himatlal Shah<br>Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben |
| 25 Lc | **WAITING AREA**<br>Shri Shirishbhai Mafatlal Zaveri<br>Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar |
| 25 Lc | **RECEPTION ROOM**<br>Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) |
| 25 Lc | **CONFERENCE ROOM**<br>Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara |
| 25 Lc | **OPG SECTION**<br>Smt. Pravinaben Mahendrabhai Sandesara<br>Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara |
| 25 Lc | **GASTROENTEROLOGY**<br>Shri. Jatinbhai Bhagwandas Shah<br>Haste: Smt. Ninaben Jatinbhai Shah |
| 25 Lc | **CHEST MEDICINE**<br>Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani |
| 25 Lc | **GERIATRIC DEPARTMENT**<br>Smt. Kinnariben Dipakbhai Shah |
| 25 Lc | **ALZHEIMER & DEMENTIA**<br>Smt. Kiranben Pravinbhai Shah (USA) |

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367



# સંતનું સાન્નિધ્ય નિષ્ફળ ન જાય

માનવીના જીવનમાં જો પરિવર્તન લાવી શકે તો એ કામ સંતપુરુષો કે ધર્મગુરુઓ સિવાય કોઈ જ લાવી શકે તેમ નથી.

સંતોની પ્રભાવક વાણીના બે શબ્દો પણ ક્યારેક માનવીના જીવનમાં પ્રભાતી સૂર્ય ઝગમગાવી શકે છે.

એક ગામમાં કરોડપતિ શેઠ અપાર વૈભવ ધરાવતો હતો, પણ સ્વભાવમાં અહંકાર હતો એક દિવસ શહેરમાં એક સંત આવ્યા એમનો આઠ દિવસ સત્સંગ ચાલવાનો હતો. શહેરમાં રહેતા ડૉક્ટરો, વકીલો, વેપારીઓ અને ઉચ્ચ શિક્ષિત લોકો પણ આ સંતની વાણી સાંભળવા આવતા. એક દિવસ એક ભાઈ ગામડેથી આ કરોડપતિ શેઠને આમંત્રણ આપીને સત્સંગમાં સાથે લઈ આવ્યા. કરોડપતિ તો અહંકારી હતો તેને સત્સંગમાં જરાપણ રસ નહોતો, છતાં ઘેલાભાઈ તેમના અંગતમિત્ર હતા, તેનું માન રાખવા સાથે આવ્યા હતા. મને-કમને પણ તેના કાને સંતના શબ્દો પડવા લાગ્યા અને તેને ગમવા લાગ્યુંઃ સંતની વાણી તરફ આકર્ષણ જાગ્યું. હવે તે રોજ શ્રોતા બનીને આવવા લાગ્યા.

એકવાર સંતનું પ્રવચન પૂરું થયા બાદ તે કરોડપતિ સંત પાસે આશીર્વાદ લેવા આવ્યો મનમાં ઈચ્છા જાગી કે, આ સંત એકવાર જો મારે ત્યાં આવે તો એમને મારું મોટું ફાર્મ હાઉસ અને મારો બંગલો જે સોનેરી તસ્વીરો અને મોંઘા ફર્નિચરથી સુશોભિત છે તે બનાવું અને એકવાર મારા પોતાના ફાર્મ હાઉસમાં પ્રવચન આપે ને લોકો મારી જાહોજલાલી, વૈભવ વિગેરે જુએ તો મારી પ્રસંશા કરશે અને આખા શહેરમાં મારો વટ પડી જશે. શેઠે તો સંત પાસે જઈને વિનંતી કરી અને પોતાના વૈભવ અને આકર્ષક સુવિધાઓની વાત કરી. પરંતુ સંત મૌન જ રહ્યા બે દિવસ, ચાર દિવસ એ સંતને વિનંતી કરી. આખરે એક દિવસ સંતે તેની વિનંતી સ્વીકારી.

બીજા દિવસે સૂર્યપ્રભાતે સંત તે કરોડપતિના ઘરે પધાર્યા તેનું શાનદાર અને ભવ્ય સ્વાગત કર્યું. ઉત્સાહ અને ઉમંગથી તેમને આખું ફાર્મહાઉસ બતાવ્યું. સંતે તે કરોડપતિની બધી જાહોજલાલી જોઈ. પણ મુખમાંથી પ્રસંશાના બે શબ્દો પણ બોલ્યા નહીં. છેલ્લે શેઠથી રહેવાયું નહીં અને સંતને પૂછી લીધું, ''શું તમે મારા જેવું ભવ્ય અને વિશાળ ફાર્મ હાઉસ બીજે ક્યાંય જોયું છે ?

ત્યાં જ સંતની નજર દિવાલ પર લાગેલા એક દુનિયાના નકશા પર પડી (વર્લ્ડ મેપ) શેઠ પાસે તે મેપ મંગાવ્યો સંતે કહ્યું; ''આ નકશામાં તું મને ભારત બતાવ.'' શેઠે બતાવ્યું સંત કહે; ''એમાં ગુજરાત બતાવ'' શેઠે એક નાનું ટપકું બતાવ્યું. સંત કહે; એમા તારું અમદાવાદ અને તારું ઘર અને તારું આ ફાર્મ હાઉસ બધું જ મને બતાવ. શેઠે કહ્યું; ''મને માફ કરજો આમાં તમારે જે જોવું છે તે કશું જ નથી.''

પછી સંતે એને જીવનનું સત્ય સમજાવ્યું. ''જો આ નકશામાં જે ન હોય એ કશા કામમાં ન આવે. આમાં નથી તારું અમદાવાદ, નથી તારું મકાન, નથી તારું ફર્નિચર કે નથી તારું ફાર્મ હાઉસ. તો એની ઉપર તને આટલું અભિમાન કેમ છે ? ભલભલા મહાન રાજા, મહારાજા કે ચક્રવર્તીઓના રાજ્ય પણ આજે આ નકશામાં નથી રહ્યા તો તને તારા આ વૈભવ ને ધન દોલતનું આટલું બધું અભિમાન કેમ છે ? એક દિવસ કુદરત રૂઠશે ને પ્રચંડ વાવાઝોડામાં તારું આ ફાર્મ હાઉસ અને વૈભવ ઉજડીને વેરાન થઈ જશે અને તારી પણ કદાચ અર્થી અહિંથી જ ઉઠશે.''

સંતની આ વાણીએ કરોડપતિ શેઠના અહંકાર, અભિમાનના પહાડને તોડી નાખ્યો શેઠે સાક્ષાત સંતના પગમાં પડી આંખમાં આંસુ સાથે પસ્તાવો કર્યો ને ત્યારબાદ પોતાની સંપત્તિ સત્કાર્યોમાં વાપરવા લાગ્યો.

અહીં કથા પૂરી થાય છે. સંતે કરોડપતિના જીવનનું પરિવર્તન કરી નાખ્યું. તેથી સત્સંગમાં નિયમિત જવું અને જીવનને શ્રેષ્ઠ બનાવવું.



*સેવા કરવા જે બીજા માટે જાતને ઘસી નાખે છે,*
*તે આ જગતમાં ઉજળા બનીને ઝળહળે છે,*
*ચંદનનું લાકડું ઓરસિયા પર ઘસાય છે,*
*ત્યારે તેમાંથી ઠંડુ વિલેપન થાય છે,*
*ચંદન ઘસાય તો સુવાસ પ્રસરાવે છે.*

**સકલનઃ શાંતી સૌરભ**



# આપણા સ્વામી

નગરમાં ગોભદ્ર નામના એક શેઠ રહેતા હતા. તેમને ભદ્રા નામની પત્ની હતી, શાલિભદ્ર નામનો પુત્ર હતો. ગોભદ્ર શેઠની સંપત્તિની ગણતરી થઈ શકે તેમ નહોતી. તેઓનો શાલિભદ્ર એકનો એક પુત્ર હોવાથી બહુ લાડકોડમાં ઉછેર્યો હતો. પાણી માગ્યું ત્યાં દૂધ આપ્યું હતું. અત્યંત સુખમાં એ દુનિયાદારીથી સાવ અજાણ રહ્યો. એ પૃથ્વી પર સ્વર્ગનું સુખ ભોગવતો હતો.

કાળક્રમે ગોભદ્ર શેઠ ગુજરી ગયા. માતાના હાથમાં કારભાર આવ્યો. સંપત્તિ સંપત્તિને વધારે, એમ ધનની કોઈ સીમા ન રહી. માતાએ પુત્રને વધુ લાડકોડમાં ઉછેરવા માંડયો. રાત-દિવસ કે ટાઢ તડકાનું પણ એને ભાન ન રહ્યું. શાલિભદ્રના સ્વર્ગીય સુખની લોકો ઈર્ષ્યા કરવા લાગ્યા. એની સંપત્તિની વાહ વાહ બોલવા લાગ્યા. એમાંય એક બનાવે તો એની કીર્તિને અનેકગણી વધારી દીધી.

રાજગૃહમાં કંબલોનો એક વેપારી આવેલો. કંબલો બહુ કીમતી હતી. એ રત્નકંબલના નામથી ઓળખાતી. સોદાગર આખા મગધ રાજમાં ફર્યો, પાટનગર રાજગૃહમાં ફર્યો, રાજા પાસે ગયો, પણ સહુએ એટલી મોંઘી કંબલો ખરીદવાની પોતાની અશક્તિ દર્શાવી. નિરાશ વેપારી ફરતો ફરતો ભદ્રા શેઠાણીની હવેલી પાસે આવ્યો. શેઠાણીએ બધી કંબલો સામટી ખરીદી લીધી. વેપારી ખુશ ખુશ થતો ચાલ્યો ગયો.

આ વખતે રાજા શ્રેણિકે એક કંબલ પોતાની રાણી માટે મંગાવી, વેપારીએ કહ્યું કે એ બધી તો શાલિભદ્ર શેઠની માતાએ ખરીદી લીધી છે. આપ ત્યાંથી મંગાવી લો. રાજાનો સેવક શાલિભદ્ર શેઠની હવેલીએ આવ્યો, ને એક કંબલ માટે રાજાજીની માગણી રજૂ કરી. ભદ્રા શેઠાણીએ નમ્રતાથી કહ્યુઃ ''અરે ! તમે થોડા મોડા પડ્યા. એ રત્ન-કંબલોના તો મારી પુત્રવધુઓ માટે પગલૂછણિયા બનાવી નાખ્યા !''

રત્નકંબલના પગલૂછણિયા ! રાજા શ્રેણિકના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે ખુશ થઈને, શાલિભદ્ર શેઠને પોતાના દરબારમાં આવવા આમંત્રણ આપ્યું. તેઓ સંપત્તિના આ મહાન સ્વામીને જોવા માગતા હતા. પોતાના પ્રજાજન આટલા શ્રીમંત, એનો રાજા શ્રેણિકને ભારે હર્ષ અને ગર્વ હતો. રાજાના આમંત્રણનો જવાબ વાળતાં ભદ્રા શેઠાણીએ કહ્યુંઃ ''મારો પુત્ર કદી ઘરબહાર નીકળ્યો નથી. આપનું બાળક સમજી વડીલ તરીકે આપ અમારે ઘેર પધારશો તો અમે પાવન થઈશું.''

રાજા શ્રેણિક ઉદાર દિલના હતા. સામે પગલે ભદ્રા શેઠાણીને ત્યાં આવ્યા, માતા, ઉપરના માળ પર બેઠેલા પુત્રને બોલાવવા ગઈ. પુત્રે કહ્યુંઃ ''મા ! એમાં મને શું પૂછે છે ? જે જોઈએ તે આપીને એને ખુશ કર !''

''પણ બેટા ! એ તો આપણા સ્વામી છે, રાજા છે, આપણું સારું - નરસું કરવાના અધિકારી છે, તેઓ ઉદાર છે, તને રાજસભામાં બોલાવ્યો હતો. તારે જવું જ જોઈએ. છતાં મારી વિનંતીથી એ અહીં આવ્યા છે. તો સામે ચાલીને સત્કાર કર !''

શાલિભદ્રને આ શબ્દોની ઠેસ વાગી, રે !આટઆટલું હોવા છતાં, એ કંઈ જ નથી ! એક રાજા ધારે તો કાલે હું રસ્તા પરનો ભિખારી બની જાઉ ? એવા ધનનો ગર્વ શો ? એ નાશવંત ધનને કરવું શું ? પરાધીન જીવનમાં સુખ શું ? રાજાની મહેરબાની પર મારી સંપત્તિનો આધાર ? એની કૃપા પર મારું સુખ ? ન ખપે એ મને ! શાલિભદ્રના સુંવાળા જીવનમાં એક કાંટો પેસી ગયો. એ એને વારંવાર પીડવા લાગ્યો. એવામાં નગરમાં ધર્મઘોષ મુનિ આવ્યા. એમણે રાજાના પણ રાજા થવાનો મુનિમાર્ગ દર્શાવ્યો. શાલિભદ્રના દિલમાં એ વાત ઊતરી ગઈ. એ ધીમે ધીમે લૌકિક સંપત્તિ તરફ જવા માટે તૈયારી કરવા લાગ્યા એવી સંપત્તિ કે જેને રાજા કે ચક્રવર્તી પણ છીનવી ન શકે.

આવી આધ્યાત્મિક સંપત્તિ મેળવવા માટે માનવીએ સહુ પ્રથમ દેહના આનંદપ્રમોદથી દૂર થઈને પોતાના આત્માની સમીપ બેસવું જોઈએ. દેહ અને દુનિયાની વાતો કરતાં માનવીએ પોતાના આત્મામાં ખબરઅંતર પૂછવાનું પર્વ જ પર્યુષણ. ભૌતિકતાની આંધળી દોડમાં દોડી રહેલા માનવીને આધ્યાત્મિકતાનો અણસાર આપતું પર્વ તે પર્યુષણ. બહારની દુનિયામાં ઘૂમતા મનુષ્યને ભીતરની અપૂર્વ દુનિયાનો અને આનંદનો ખ્યાલ આપતું પર્વ તે પર્યુષણ.

આજે ભૌતિક સંપત્તિ પાછળ દોડતો માનવી અર્થ અને કામનો ગુલામ બનીને અધ્યાત્મને ભૂલી ગયો છે તેને પરિણામે એના જીવનમાં ક્યાંય આનંદ, ઉત્સાહ કે મસ્તી નથી. સાચા સુખની પ્રાપ્તિનો સંતોષ નથી.

* * * * *

**The best way of functioning is to work silently and achieve surely, Success is achieved not by making big noises but sincerily of Purpose.**

# બીજાની ખામી નહીં ખૂબી જોઇએ

મરજીવો અને માછીમાર! બન્ને આમ તો સિંહ રાશિવાળા છે. બન્ને સમુદ્રમાંથી સિંહ રાશિવાળી વસ્તુ જ મેળવવાની મહેનત કરે છે. મરજીવો 'મોતી' મેળવા માટે મહેનત કરે છે, તો માછીમાર 'માછલી' મેળવવા માટે મહેનત કરે છે. સાગર તો લખલૂટ પદાર્થોનો ભંડાર છે, પણ આપણે તેની પાસેથી શું મેળવવું ? તે નિર્ણય આપણે જ કરવાનો છે. જો કે એક વાત ચોક્કસ છે કે વિશ્વરૂપી સમુદ્રમાંથી જે મેળવવાની આપણી વિચારધારા હોય છે, તેના આધારે આપણા વ્યક્તિત્વનો નિર્ણય થાય છે. વિશ્વના જીવમાત્રમાં સદ્‌ગુણ અને દુર્ગુણ ઉભય હોય છે. આપણને જો મોતીરૂપી 'સદ્‌ગુણ ' મેળવવાનું મન થાય તો સમજવું કે આપણું વ્યક્તિત્વ 'મરજીવા' જેવું છે અને આપણને માછલાં રૂપી 'દુર્ગુણ' મેળવવાનું મન થાય તો સમજવું કે આપણું વ્યક્તિત્વ 'માછીમાર' જેવું છે!!

ગુણગ્રાહી દ્રષ્ટિ અને દોષગ્રાહી દ્રષ્ટિની આ જ વિશેષતા છે કે તેની સામે શું છે ? એ નથી દેખાતું, પણ પોતાની દ્રષ્ટિ જેવી છે, તેવું દેખાય છે. ગુણગ્રાહી દ્રષ્ટિવાળાને કીચડમાં પણ કમળ દેખાય છે, તો દોષગ્રાહી દ્રષ્ટિવાળાને ચંદ્રમાં પણ કલંક દેખાય છે! અર્થાત્ જેવી દ્રષ્ટિ તેવું દ્રશ્ય - આ સર્વગ્રાહી નિયમ છે!! આનાથી પણ હજી આગળ વધીને કહેવું હોય તો કહી શકાય કે પ્રાયઃ સર્વની દ્રષ્ટિ બીજાની 'ખૂબી' પ્રતિ નહીં પણ 'ખામી' પ્રતિ શીઘ્ર જતી હોય છે.

હમણાં જ આ વાતને પરિપુષ્ટ કરતી એક જોરદાર ઘટના ઘટી. એક યુવાન. તેણે કોઈ મોટા પિકનિક પ્લેસ ઉપર વિશાળ હોટલ બનાવી. નામ આપ્યું 'બ્લ્યૂ મૂન'. હોટલની સ્વચ્છતા ઘણી સારી, સ્ટાફ ખૂબ વિવેકી, પણ ગ્રાહકો ખૂબ ઓછા આવે, દિવસો વીતતા ગયા, પણ ગ્રાહકો ના વધ્યા તે ના જ વધ્યા. નુકસાનનો આંકડો દિવસેને દિવસે મોટો થવા લાગ્યો. માલિક મુંઝાઈ ગયો. તેણે પોતાના અંગત મિત્રને પોતાની વ્યથા જણાવી. શું કરવું ? તે સલાહ માંગી. મિત્ર સાઈકોલોજિસ્ટ હતો. તેણે કહ્યું: 'તું હોટલનું નામ બદલી નાખ, બ્લ્યુ મૂન'ના બદલે 'પિંક મૂન' રાખ. નામ પિંક મૂન પણ એ નામની બન્ને બાજુ બ્લ્યૂ કલરનાં મૂનના બે મોટા ચિત્રો લગાવી દે. પછી જો ગ્રાહકો કેવા આવે છે!

હોટલનો માલિક મિત્ર સમજ્યો કે આ નામ સાથે મારા નામની રાશિને મેળ સારો હશે, અને બે બાજુ બે મૂનની તસવીર એ કોઈ તાંત્રિક પ્રયોજન હશે. જે હોય તે, પ્રયોગ કરવામાં કોઈ નુકસાન નથી! બીજા જ દિવસે તેણે આ પરિવર્તન કરાવ્યું અને સાંજથી જ ગ્રાહકોની સંખ્યામાં વધારો થવા લાગ્યો. હાઈ-વેથી જે પણ લોકો પસાર થતાં, તેઓમાંથી લગભગ લોકો હોટલમાં આવીને પૂછતાઃ નામ 'પિંક મૂન' છે, તો બે ય બાજુ 'બ્લ્યૂ મૂન' કેમ રાખ્યા છે?' સ્ટાફના માણસો સૌને વિનયપૂર્વક જવાબ આપતા 'આપ હોટલમાં ઉતરો, નાસ્તો કરો. ત્યાં સુધી અમારા શેઠ આવી જશે. પછી આપને આપના પ્રશ્નોનો જવાબ મળી જશે.' હોટલની સ્વચ્છતા અને સ્ટાફના વિનયના કારણે લગભગ સૌ નાસ્તો કે ભોજન કરીને જતા. કેટલાક લોકો એક-બે દિવસ માટે રોકાઈને પણ જતા. આમ અલ્પ સમયમાં હોટલ સારી જામી ગઈ. નુકસાન તો રીકવર થયું જ, સાથે સાથે નફો પણ સારો થયો.

સમયાંતરે હોટલનો માલિક પોતાના મિત્રને ખાસ 'થેંક યૂ' કહેવા માટે મીઠાઈનું બોક્ષ લઈને તેના ઘરે ગયો. આભાર માનતા કહ્યું : 'તમે જે પ્રયોગ બતાવ્યો, તે ખરેખર સફળ રહ્યો.'

મિત્રએ હસતાં હસતાં કહ્યું: 'આ પ્રયોગ નથી, પણ માનવ મનની વિચિત્રતા, અને નિર્બળતા છે. બીજા કોઈની ક્યારે પણ ભૂલ દેખાય, તો તેને બતાવવાનો ચાન્સ માનવ મન ગુમાવવા માંગતું નથી. ખરેખર તો કોઈ હોટલમાં આવવાનો ઈન્ટ્રેસ્ટ ન હતો, પણ આપણે 'પિંક મૂન' લખીને એક બાજુ નહીં પણ બન્ને બાજુ 'બ્લ્યૂ મૂન' બતાવ્યા એટલે લોકો આ ભૂલ બતાવવા ખાસ હોટલમાં આવવા લાગ્યો. આનાથી આપણું કામ થયું!' અન્યના દોષો જોવાની આપણી મનોવૃત્તિ કેટલી ખતરનાક છે, તે સમજવા જેવું છે! મહત્વની વાત તો એ છે કે આપણે સતત બીજાના જ દોષો જોતા રહીશું તો જીવનમાં પરમેનન્ટ પ્રસન્નતા ક્યારેય નહીં મેળવી શકીએ!

'કૈસે ખિલેંગે ખૂશિયોં કે ફૂલ ?
અગર ઢૂંઢતે રહેગે દૂસરોં કી ભૂલ...!'

ખરેખર તો પીડા આપણને આપણાં દોષો જોઈને થવી જોઈએ, તેના બદલે આપણને બીજાના દોષો જોઈને થાય છે. એક પ્રશ્ન સૂક્ષ્મતાથી વિચારવા જેવો છે કે કોઈની આંખમાં તણખલું પડ્યું હોય, તો તેની પીડા એને થાય કે આપણને થાય ? જો એને જ થાય તો કોઈના દોષોથી આપણે શા માટે પીડિત થઈએ... ?

અનાદિ કાલીન સ્વભાવ વશાત દોષ જોવાઈ જાય તો શું કરવું ? આ પ્રશ્નનું સરસ સમાધાન એ છે કે આજ સુધી 'મારામાં જે પણ ખૂબી છે, એ બીજાનામાં તો નથીને ?' એ ખૂબ જેયું, હવે બીજાનામાં જે પણ 'ખામી' છે, એ મારામાં છે કે નહીં ? એ જોઈએ. આ ચિંતન થશે તો દોષોથી - ખામીઓથી શીઘ્ર મુક્ત થવાશે. દોષોથી મુક્ત થઈ શીઘ્ર પરમ પદને પ્રાપ્ત કરીએ.

* * * * *

# પાટણના ૧૭ મનોદિવ્યાંગોએ તેમના જ વિષય પર આધારિત ફિલ્મ જોવાનો આનંદ માણ્યો



પાટણ શહેરમાં મનો દિવ્યાંગોનાં ઉત્કર્ષ અને વિકાસ માટે કાર્યકરતી પાટણ અને મુંબઈનાં જૈન શ્રેષ્ઠી પરિવારો દ્વારા સંચાલિત **'દિશા'** સંસ્થામાં હાલમાં અભ્યાસ કરતા અને આત્મ નિર્ભર બની રહેલા મનોદિવ્યાંગોને તાલીમની સાથે અવારનવાર તેઓને પિકનિક, યાત્રા પ્રવાસ, સારી હોટલમાં ભોજન, નવરાત્રિ ગરબા, બેન્ડવાજા સહિતની અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

પાટણની બી.ડી. હાઈસ્કુલના કેમ્પસમાં ચાલતી આ સંસ્થાના સંચાલક પરિવારના **શ્રીમતી હિનાબેન યશમુખભાઈ શાહ** અને તેમનાં પાટણના સ્ટાફના પ્રયાસોથી પાટણના સિનેમાગૃહમાં ચાલતી **'સિતારે જમીન પર' ફિલ્મ** નિહાળવાની તક પૂરી પાડવામાં આવી હતી. કારણકે, આ ફિલ્મ મનોદિવ્યાંગોના જીવનક્રમ પર આધારિત છે. આવા દિવ્યાંગોના વાણી અને વર્તન સહિત તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓથી વાકેફ કરાવે છે.

પાટણના મનોદિવ્યાંગોને પણ પ્રેરણા મળે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું આથી આ બાળકો ખુબ જ આનંદિત થઈ ઉઠયા હતા.

## પાટણની દિશા દિવ્યાંગ કાર્યશાળાના બાળકો માટે ગૌરવની ક્ષણ



પાટણ દિશા દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ અને **બાબુ અમીચંદ પન્નાલાલ ટ્રસ્ટ સંચાલિત કાર્યશાળાના બાળકો મોટાભાગે જૈન નથી, છતાં તેમને ૧૦૮ પાર્શ્વનાથ શંખેશ્વર દેરાસર ભક્તિ સુરિ સમુદાયના મહાત્મા ચાતુર્માસ પ્રવેશ માટે બેન્ડ વગાડવા આમંત્રિત કરવામાં આવ્યા હતા.** એમાંથી ઘણાને નવકાર મંત્ર આવડે છે અને સ્તવનો પણ ભાવભેર ગાય છે.

તેમની આ ભક્તિભાવપૂર્વકની આવડત જોઈને **શ્રી નરેશભાઈ સાલવી** (સાલવીવાડો) અત્યંત પ્રભાવિત થયા અને ભક્તિસૂરિ સમુદાયના **પ.પૂ. મહારાજસાહેબના શંખેશ્વરના** યોજાનાર ચાતુર્માસ પ્રવેશ માટે ખાસ આમંત્રિત કર્યા.

આ આપણા બાળકો માટે માત્ર એક કાર્યક્રમ નહીં, પણ એક એચિવમેન્ટ છે. તેમણે જીવનની પારંપારીક ધાર્મિક મૂલ્યોને અવલંબીને જે નમ્રતા ભક્તિ અને લાગણી દર્શાવી છે, તે દરેક માતાપિતા અને શિક્ષક માટે ગર્વની વાત છે.

## વરસાદ



ગરજે ગગન અને હેતે વાદળ કરે વાદ,
ઝરે વરસાદ અને લાવે વહાલમની યાદ...

યાદ આવે એ મોભનું ટપકતું નળીયું,
અને પ્રથમ વર્ષાની સૌરભે મહેકતું ફળીયું...

યાદ આવે એ હાથા વિહોણી છત્રી,
અને કોલર તૂટેલું એ ભૂરા રંગનું રેઈનકોટ...

યાદ આવે ગલીના એ નાના મોટા ખાબોચિયાં,
અને અહીં તહીં ડ્રાઉ ડ્રાઉ કરતા દેડકાંઓ...

યાદ આવે એ છલોછલ ઉભરાતી નહેરો,
અને નિર્દોષ ભૂલકાઓની એ મસ્ત ઉછળકૂદ...

યાદ આવે એ સજની સાથેની રંગીન મુલાકાત,
અને તેના ભીના કેશથી ટપકતી એક એક બૂંદ...

યાદ આવે વર્ષા વાંછટ સ્પર્શથી ખીલી ઉઠતું જોબન,
અને સાથે માણેલ એ ગરમાગરમ મકાઈની જયાફત...

❒ જ્ઞાનેશ જયચંદ લાપસીયા

# આપવાનો આનંદ

ફ્રાંસના પેરિસ શહેર ઉપર એની તમામ તકાતથી ઠંડી વરસી રહી છે.

ઠંડીથી બચવાના પેરિસવાસીઓનાં સાધનો ય કારગત થાય તેમ નથી. તેવે સમયે એક લત્તામાં એક છોકરો ઠંડીના સિતમથી થરથર ધ્રૂજે છે. તેના અંગ પર વાવટા જેવાં ફાટેલા વસ્ત્રો ઊંડે છે.

ત્યાં એક ગૃહસ્થ નીકળ્યા. એણે ટાઢમાં ધ્રૂજતા ને અદબ ભીડી બેવડ વળી ગયેલા એ છોકરાને જોયો ને પાસેથી એક દુકાન પર ચડી ગયા. ત્યાંથી નીચે ઊતર્યા ત્યારે એના હાથમાં એક ગરમ ટોપીને ઓવરકોટ હતા તે પેલા છોકરા ભણી લાંબા કરી આપતા બોલ્યાઃ ''લે છોકરા, આ લઈ લે. આપવામાં મને આનંદ આવે છે એટલા માટે આપું છું. મારો ઉપકાર ન માનતો.''

આટલું કહી એ ગૃહસ્થ ઝડપથી આગળ ચાલ્યા ગયા.

ઓવરકોટ અને ટોપી પહેરી ઠંડીમાં રક્ષણ પામનાર એ છોકરો જેમ્સ મોટો થયો અને તેના ભાગ્ય આગળનું પાંદડું હટી જતાં કારખાનાનો માલિક બન્યો. ગરીબમાંથી તવંગર બન્યો. વેપાર વધ્યો. ધંધો વિકસ્યો. ઘણા ફ્રાંક કમાયો. પણ બચપણમાં ઓવરકોટને ગરમ ટોપી આપનાર પેલા ગૃહસ્થને એ ગોતે છે. તેના મધૂરા શબ્દો 'છોકરા, આપવામાં મને આનંદ આવે છે.' એના માથામાં ઘૂમ્યા કરે છે. એણે પણ આપવાનો આનંદ મેળવવા માંડ્યો. ચોમેર વસ્ત્રદાન, અન્નદાન, દવા, ફળ ને દૂધના દાન કરવા માંડ્યા. ''આપવામાં મને આનંદ આવે છે''ના ભાવપૂર્ણ શબ્દોએ એને નવી જીવનવાટ સૂઝાડી.

એના કારખાનામાં કોઈ માંદુ પડે કે એ ઝટ એની પાસે પહોંચી જાય. એને આશ્વાસન આપી, એની દવાનું બિલ પોતે જ ચૂકવે. તે દર્દી માટે સફરજન, નારંગી, મોસંબી, દાડમ વગેરે જાતે ખરીદી આપી આવે છે. રસ્તા પર જતાં એ બજારમાં કોઈ નવું ફળ આવેલું નિહાળે કે બધું જ ખરીદી લઈ. લારી ભરી, એ જાતે કન્યાશાળામાં હંકારી જાય ને મુખ્ય શિક્ષિકાને આજીજી કરેઃ ''એક ગૃહસ્થે આ ફળ મોકલાવેલ છે. કૃપા કરી બાળાઓને તે વહેંચી આપશો.''

પેરિસના રાજમાર્ગ પર કોઈ વૃદ્ધને દોરી જતી નાની બાલિકા જોઈ. એની પાછળ ચાલીને એ વૃદ્ધને ઘેર આવ્યો. હળવેથી ઘરના આંગણામાં ઊંભા રહી વૃદ્ધને પૂછ્યું, ''શું કામ કરો છો ?''

''કંઈ નહીં. પહેલા નોકરી કરતો હતો. હવે રજા મળી છે.'' ત્યારે તો તમારે ભરણપોષણ મેળવવા માટે તકલીફ પડતી હશે.

તેમ કહી પોતાની પાસે રહેલ તમામ ફ્રાંક તેને આપી દીધા અને ત્યાંથી વિદાય થયો.

* * * * *


જૂન - ૨૦૨૫, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. મો. : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| પૂ.સા. શ્રી શ્રેયપ્રભાશ્રીજી મા.સા.ની દિક્ષા નિમિત્તે હ. ઘોઘારી જૈન સંઘ શ્રી ધવલભાઈ એમ. શાહ (અમદાવાદ) | ૧,૨૫,૦૦૦ |
| શ્રી બીપીનભાઈ પ્રેમચંદ શાહ (વખતજીની શેરી) | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી મયુશાબેન ચેતનભાઈ શાહ (વખતજીની શેરી)(USA) હ. શ્રી મોનીલના લગ્ન પ્રસંગે | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી સુશિલાબેન બાપુલાલ શાહ, હ. શ્રીમતી દત્તાબેન અશ્વીનભાઈ શાહ | ૧,૦૧,૦૦૦ |
| Handwala Charitable Trust | ૧,૦૧,૦૦૦ |
| અભયદાન ફાઉન્ડેશન ટ્રસ્ટ (અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| મે. સી. જે શાહ એન્ડ કું. (નરીમન પોઈન્ટ) | ૩૭,૦૦૦ |
| રોટરેકટ ક્લબ - પાટણ | ૩૫,૦૦૦ |
| શ્રીમતી દિનાબેન વિજયભાઈ શાહ, શ્રી વિજયભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો) | ૩૨,૦૦૦ |
| શ્રીમતી નયનાબેન નરેન્દ્રભાઈ ચંપકલાલ સાલવી પરિવાર (પાટણ) | ૨૭,૦૦૦ |
| અરિહંત આરાધક ટ્રસ્ટ (રતન નગર, બોરીવલી) | ૨૨,૦૦૦ |
| શ્રીમતી મીનાબેન હસવંતભાઈ શાહ, શ્રી અમીબેન હેમાંગભાઈ શાહ (વાસુપૂજ્યની શેરી) | ૨૦,૦૦૦ |
| શ્રી દીપા શ્વે. મુ. જૈન સંઘ (સુરત) | ૧૨,૦૦૦ |
| શ્રીમતી પ્રેરણાબેન વિરેન્દ્રભાઈ શાહ (તંબોલીવાડો) | ૧૧,૦૦૦ |
| પુ.સા. શ્રી શાસ્ત્ર રૂચિ મા.સા. ના ૩ વર્ષના સંયમ જીવનની અનુમોદના નિમિત્તે. હ. શ્રીમતી વૈશાલી નિલેશભાઈ શાહ (વખતજીની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી અતુલભાઈ નવિનચંદ્ર શાહ (ગોરેગામ) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી દમયંતિબેન નવિનચંદ્ર શાહ (ગોરેગામ) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રવિણચંદ્ર મણિલાલ શાહ (નિશાળનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી મીતેનભાઈ રસિકલાલ પત્રાવાલા (ચિતારાની ખડકી) | ૧૧,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ હરસુખલાલ શાહ (ચૌધરીની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી પાર્શ્વનાથ ગૃહજીનાલય (નેપિયન્સી રોડ) | ૧૦,૫૦૦ |
| શ્રીમતી મોનીકાબેન ડી. ઝવેરી (વિલેપાર્લા) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

# સાભાર સ્વીકાર

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૨૫,૦૦,૦૦૦/- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)

૩૨,૩૯,૭૮૭/- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

૫,૦૦,૦૦૦/- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ વેલફેર ફંડ :**

૩૭,૨૪,૫૭૪/- શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર કાંતિલાલ શાહ

**જીવન નિર્વાહ ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)

૩,૦૦,૦૦૦/- શ્રી નવીનચંદ્ર કાંતિલાલ પત્રાવાલાની પુણ્યતિથિ નિમિત્તે (ચિતારાની ખડકી) હ. શ્રીમતી જ્યોત્સનાબેન નવીનચંદ્ર પત્રાવાલા

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૫૦,૦૦,૦૦૦/- શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ (અમદાવાદ)

**અનાજ વિતરણ ભેટ :**

૨,૦૦,૦૦૦/- શ્રીમતી અરૂણાબેન બાબુલાલ શાહ (વખતજીની શેરી)

૨,૦૦,૦૦૦/- શ્રી નવીનચંદ્ર કાંતિલાલ પત્રાવાલાની પુણ્યતિથિ નિમિત્તે (ચિતારાની ખડકી) હ. શ્રીમતી જ્યોત્સનાબેન નવીનચંદ્ર પત્રાવાલા

૨,૦૦,૦૦૦/- શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડેકમહેતાનો પાડો)

૪,૦૦,૦૦૦/- શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર ગભરુચંદ શાહ હ. શ્રી મયુરભાઈ તથા શ્રી તુષારભાઈ નવીનચંદ્ર શાહ (ઝવેરી વાડો)

**મેડિકલ / શિક્ષણ / સમાજ ઉત્કર્ષ સહાય ભેટ :**

૭૫,૦૦૦/- શ્રીમતી અલ્કાબેન નરેશભાઈ ખાંડવાલાના સ્મરણાર્થે (કેશુશેઠનો પાડો)

**મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૫૦,૦૦૦/- શ્રી ચંપકલાલ ભોગીલાલ શાહ (મહાલક્ષ્મીમાતાનો પાડો)

**યાત્રા પ્રવાસ ભેટ :**

૧૫,૦૦,૦૦૦/- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ (કપુરમહેતાનો પાડો)

૨,૦૦.૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)

**વૃદ્ધજન / દિવ્યાંગ ઉત્કર્ષ ભેટ :**

૨૫,૦૦૦/- શ્રી અમીતભાઈ સેવંતીલાલ ઝવેરીના સ્મરણાર્થે (પોળની શેરી)

**મેડિકલ સહાય ભેટ :**

૫,૦૦૦/- શ્રીમતી નીતાબેન દિપકભાઈ શાહ (મહાલક્ષ્મીમાતાનો પાડો)

## પાટણ પ્રતિબિંબ જાહેરાત દર ફેરફાર

| સાઈઝ | રૂપિયા |
|---|---|
| સીંગલ સ્પેસ ૯X૩.૭૫ સે.મી. | ૧,૫૦૦/- |
| ડબલ સ્પેશ ૯X૭.૫ સે.મી. | ૪,૦૦૦/- |
| ચાર સ્પેસ ૧૮X૮ સે.મી. | ૬,૫૦૦/- |
| અડધુ પાનું ૧૮X૧૨ સે.મી. | ૯,૦૦૦/- |


**ALPA MARRIAGE BUREAU**
(ESTD 1998) Mumbai
મુંબઈ સ્થિત, પાટણ સમાજનો પ્રખ્યાત મેરેજ બ્યુરો
પાટણના તેમજ બહારગામના, સમસ્ત જૈન અપરિણીત યુવક યુવતીઓ માટે ફ્રી રજિસ્ટ્રેશન
**Hurry up!!!**
**Cont: Ms. Alpa P. Shah**
**Mo. : 9823218746 • Timing : 1.30 - 5.30 pm**
ADVT



## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | દિપીકાબેન રમેશભાઈ શાહ | ૮૫ | વાલકેશ્વર | ૨૩-૦૬-૨૫ | જેઠ વદ ૧૩ |
| વિશા પોરવાળ | કોકાનો પાડો | હરેન્દ્રભાઈ શાંતિલાલ શાહ | ૭૯ | ઓપેરાહાઉસ | ૨૬-૦૬-૨૫ | અષાઢ સુદ ૦૧ |
| દશા ઓસવાલ | વખતજીની શેરી | દામિની (ટીના) રાકેશભાઈ શાહ | ૫૩ | ગોરેગાવ | ૨૭-૦૬-૨૫ | અષાઢ સુદ ૦૨ |
| દશા ઓસવાલ | કોકાનો પાડો | ઉપેન્દ્રભાઈ ચંદ્રકાંત મહેતા | ૭૬ | અંધેરી | ૨૮-૦૬-૨૫ | અષાઢ સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | ચીનુભાઈ શાંતિલાલ શાહ | ૮૭ | વાલકેશ્વર | ૦૫-૦૭-૨૫ | અષાઢ સુદ ૧૦ |
| દશા ઓસવાલ | કોકાનો પાડો | વિકેશભાઈ લલિતભાઈ શાહ | ૬૯ | અંધેરી | ૦૬-૦૭-૨૫ | અષાઢ સુદ ૧૧ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | યોગેશભાઈ બાલુભાઈ કાપડિયા | ૭૭ | વાલકેશ્વર | ૧૦-૦૭-૨૫ | અષાઢ સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | બિપીનભાઈ અમૃતલાલ શાહ | ૭૫ | બ્રિચકેન્ડી | ૧૧-૦૭-૨૫ | અષાઢ વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | મહેન્દ્રભાઈ હિરાલાલ શાહ | ૮૯ | મરનડ્રાઈવ | ૧૭-૦૭-૨૫ | અષાઢ વદ ૦૭ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રદ્ધાંજલિ



શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તથા શુભેચ્છક વડીલ (શામળાજીની શેરી)ના **શ્રી મહેન્દ્રભાઈ હિરાલાલ શાહ**નું તા. ૧૭ જુલાઈ,૨૦૨૫ના દિને ૮૯ વર્ષની જૈફ વયે થયેલ દુઃખદ નિધનના સમાચાર જાણી મંડળે અને સમાજે શોકની લાગણી અનુભવી.

સદ્‌ગતશ્રી મહેન્દ્રભાઈએ મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૧૯૭૯-૮૦થી જોડાઈ સતત ૪૫ વર્ષ પર્યંત અવિરતપણે તેમજ છેલ્લી વ્યવસ્થાપક સમિતિની સભા સુધી નિયમિત હાજર રહી સંસ્થા અને સમાજ વિકાસમાં મહત્વનું યોગદાન આપેલ છે.

સને ૧૯૮૭-૮૮ તેમજ ૧૯૯૭-૯૮ થી ૧૯૯૯-૨૦૦૦ સુધી મંડળના માનદમંત્રી પદે રહી, સને ૧૯૮૨-૮૩ થી ૧૯૯૧-૯૨ સુધી રહેઠાણ સમિતિના માનદમંત્રી પદે મંડળના, ભાયંદર તથા રતનનગર હાઉસીંગ પ્રોજેક્ટમાં, સને ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૨-૦૩ સુધી સમાજ ઉત્કર્ષ સમિતિ, ૧૯૯૭-૨૦૦૦ તથા ૨૦૦૬-૦૭ થી ૨૦૧૨-૧૩ સુધી મેડિકલ સમિતિ, મેડિકલ સહાય સમિતિ તથા મેડિસીન સમિતીના માનદમંત્રી પદે રહી તંદુરસ્ત સમાજ બની રહે તેવા પગલા લીધા હતા.

સ્ત્રી વિકાસ અને મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ વેગવંતી બની રહે અને જરૂરિયાતવાળી બહેનોને પગભર કરવાના સક્રિય પ્રયાસો રૂપે તેઓએ મંડળને અવાર-નવાર રૂબરૂમાં કે વ્યવસ્થાપક સમિતિની સભાઓમાં મહત્વના સૂચનો આપ્યા હતા. સંસ્થાના બંધારણ સુધારા-વધારા સમિતિમાં રહી પોતાની દીર્ઘ દ્રષ્ટિ દ્વારા ભવિષ્યમાં ઉપયોગી થાય તેવા સુધારા-વધારા સૂચવેલ. સને ૨૦૦૧માં કચ્છમાં આવેલ મહાવિનાશક ભુકંપ દરમ્યાન નિમાયેલ ભુકંપ રાહત સમિતિમાં પણ સદ્‌ગતશ્રી દ્વારા સક્રિય સેવાઓ પ્રદાન કરી હતી.

સદ્‌ગતશ્રી એલ.આઈ.સી. માં ડેવલપમેન્ટ ઓફિસર પદે ફરજ બજાવતા સમાજના પરિવારોને પણ મેડિક્લેઈમ તથા જીવન વિમા પોલીસીના લાભ મળી રહે તેવા સૂચનો કરી સમાજના પરિવારો માટે મેડિક્લેઈમ પોલીસી યોજનાનો પ્રારંભ કરાવવા મહત્વનું યોગદાન આપ્યું.

મામા ના હુલામણા નામે ઓળખાતા સદ્‌ગતશ્રી પોતાના મિલનસાર સ્વભાવના પરિણામે બહોળુ મિત્રવર્તુળ વિકસાવવામાં સફળ રહ્યા હતા.

શ્રી મહેન્દ્રભાઈના દુઃખદ અવસાનથી સંસ્થાને એક સેવાભાવી કાર્યકર તથા શુભેચ્છકની ખોટ સાલશે. પરિવારના મોભી એવા સદ્‌ગતશ્રીના નિધનથી કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સંસ્થાના કર્મચારીઓ તથા વિશાળ હીતચિંતકો દ્વારા દુઃખ સાથે ઊંડી સંવેદનાની લાગણી વ્યક્ત કરવામાં આવે છે. આપ સર્વ પરિવાર પર આવી પડેલ દુઃખ સહન કરવાની પરમાત્મા અપાર શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના.

પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

❒ શ્રી પાટણ જૈન મંડળ


## શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય - પાટણ



શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો. આજેજ જોડાઓ.

પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....

**નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે**

- Multipurpose Hall 1 ... 25,00,000
- Solar System 1 ... 25,00,000
- Golden Stone 2,00,000
- Lift 1 ... 5,50,000
- Silver Stone 1,00,000

સંપર્ક : શ્રી પાટણ જૈન મંડળ : 8779161209 ✳ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ : 9930891985

ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ : 9322227209 ✳ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ : 9323189941

PATAN PRATIBIMB • July 2025 • PRICE Rs. 2/- • PRGI. Regd. No. MAHGUJ/2006/18379

## જીવન નિર્વાહ સહાય યોજના

### રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા

શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

## જીવન નિર્વાહ સહાય તથા સમાજ ઉત્કર્ષ સહાય યોજના

### રૂા. ૨૨ લાખના દાતા

૧. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

### રૂા. ૧૧ લાખના સહાયક દાતા

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)

૨. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)

૩. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)

૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)

૫. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

૬. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

૭. શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,